M

—COPY—


# THE GANDHIDHAM
# CHAMBER OF COMMERCE & INDUSTRY

(ESTD. 1953)
"CHAMBER BHAVAN", Plot No. 71, Sector 8, Post Box No. 58,
GANDHIDHAM - Kachchh - 370 201.
**Phone** : +91-02836-220977, 220735 • **Mobile** : 99250 37814 • **Fax** : 220888
**e-mail** : info@gccikandla.com • **Website** : www.gccikandla.com


No. GCCI / 493

તા:૦૩.૦૨.૨૦૧૮

| | |
|---|---|
| શ્રી વિજયભાઈ રૂપાણી,<br>મુખ્યમંત્રીશ્રી - ગુજરાત રાજ્ય.<br>સર્વણિમં સંકુલ - ૧, ૩જે માળે, નવા સચિવાલય,<br>સેક્ટર - ૧૦, ગાંધીનગર - ૩૮૨ ૦૧૦ | શ્રી ગણપતભાઈ વસાવા,<br>માનનિય મંત્રીશ્રી,<br>આદિજાતિ વિકાસ, પ્રવાસન, વન, મહિલા અને બાળ કલ્યાણ,<br>સર્વણિમં સંકુલ - ૧, ૧લે માળે, નવા સચિવાલય,<br>સેક્ટર - ૧૦, ગાંધીનગર - ૩૮૨ ૦૧૦ |

<u>વિષય: લાકડા આધારીત ઉદ્યોગ (**Establishment / Regulation**) દિશા નિર્દેશ ૨૦૧૬ સંશોધન ૨૦૧૭</u>

માનનિયશ્રી,

સવિનય જણાવવાનું કે MOEFCC વિભાગ માનનિય સુપ્રિમ કોર્ટમાં દાખલ રિટ પીટીશન (સિવિલ) નં ૨૦૨/૧૯૯૫નાં નિર્ણયમાં આપેલ આદેશનું અનુપાલન કરે છે. જે લાકડા આધારીત ઉદ્યોગ (Establishment / Regulation) દિશા નિર્દેશ ૨૦૧૬ ની બાબતમાં આપેલ છે. આ વિષયમાં દિશા નિર્દેશની સંશોધન અધિસૂચના તા.૧૧.૯.૨૦૧૭, તા.૦૮.૧૧.૨૦૧૭ અને તા.૧૭.૧૧.૨૦૧૭માં સ્પષ્ટીકરણ આપવામાં આવેલ છે.

ઉપરોક્ત તા. ૧૭.૧૧.૨૦૧૭નાં આપેલ દિશા નિર્દેશ તથા શુધ્ધીપત્રનાં પ્રાવધાન પ્રમાણે:

1. જે ઉદ્યોગ / પ્રોસેસિંગ પ્લાન્ટ સ્વદેશી ગોળ લાકડાનો ઉપયોગ નથી કરતા તેમના માટે લાયસન્સની જરૂર નથી, ભલે કટીંગ મશીન કોઇ પણ પ્રકાર અથવા સાઇઝનાં હોય.
2. ઉદ્યોગ / પ્રોસેસિંગ પ્લાન્ટ જે કૃષી ઉત્પાદવાળા અધિસૂચિત ગોળ લાકડાનો ઉપયોગ કરે છે અને જે સંબંધીત રાજ્ય કે કેન્દ્રશાસીત પ્રદેશમાં Region of Forest & Transit Regulationથી મુક્ત છે તેને લાયસન્સની જરૂર નથી, ભલે કટીંગ મશીન કોઇ પણ પ્રકાર અથવા સાઇઝનાં હોય.

ઉપરોક્ત બાબતોથી હવે એ સ્પષ્ટ બને છે કે જે આયાતી ગોળ લાકડાંનો ઉપયોગ કરે છે તેમનાં માટે લાયસન્સની જરૂરીયાત રહેતી નથી. આ ઉપરાંત જે યુનિટ સ્પેસ્યલ અધીસૂચિત કૃષી ઉત્પાદવાળા ગોળ લાકડાંનો ઉપયોગ કરે છે તેમને પણ ફોરેસ્ટ લાયસન્સની આવશ્યક્તા રહેતી નથી અને તેમનાં ઉત્પાદ "કોર વિનિયર"ની ખરીદી પણ કરી શકે છે.

ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખતા આપશ્રીને અમારી નમ્ર વિનંતી છે કે સુધારેલા નિર્દેશ અનુસાર તાત્કાલિક અમલીકરણ કરવામાં આવે નહિતર આ વિસ્તારમાં આવેલ ટીમ્બર અને વિનિયર આધારીત ઉદ્યોગને નકારાત્મક અસરોનો ભોગ બનવું પડશે. આ ઉપરાંત આપણા માનનિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનાં Industry Friendly અને Ease of Doing Business in Gujarat ને સાકાર કરવા માટે પણ આ દિશામાં અમલિકરણની તાતી જરૂરીયાત છે.

અમને આશા છે કે ગુજરાત સરકાર ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખીને સુધારેલા નિર્દેશ અનુસાર અમલીકરણ કરશે.

આભાર સહ...

આપનો વિશ્વાસુ,
B. B.
બાબુભાઈ હુંબલ
પ્રમુખ

નકલ રવાના:૧) શ્રીમતી માલતીબેન મહેશ્વરી, ધારાસભ્યશ્રી - ગાંધીધામ મતવિસ્તાર
૨) શ્રી બી.પી.પટ્ટી,સભ્ય સચિવ, લાકડા આધારીત ઉદ્યોગો માટેની રાજ્ય કક્ષાની સમિતી, ગાંધીનગર
૩) પ્રમુખશ્રી, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, અમદાવાદ
૪) પ્રમુખશ્રી, કંડલા ટીમ્બર એશોસીયેશન, ગાંધીધામ